सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ થયા તારીખ | ૨૫/૦૧/૨૦૧૯ | | |
| દાખલ થયા તારીખ | ૨૫/૦૧/૨૦૧૯ | | |
| ફેસલ કર્યા તારીખ | ૩૦/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૭ | ૦૫ | ૦૫ |

**<u>જંબુસરના મહે. એડી. સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામઃ– જંબુસર.</u>**

**<u>રે. દિવાની મુ. નં. ૨૦/૨૦૧૯</u>**

**<u>આંકઃ–</u>**

**વાદીઓ–** **૧.** **ચંચળબેન છત્રસંગ પરમારની વિધવા**
ઉ.વ. ૫૦, ધંધો– ખેતી,

**૨.** **અજીતભાઇ છત્રસંગ પરમાર**
ઉ.વ. ૪૦, ધંધો– ખેતી,

**૩.** **કીરણભાઇ છત્રસંગ પરમાર**
ઉ.વ. ૩૮, ધંધો– ખેતી,
તમામ રહે. મુ. કહાનવા, તા. જંબુસર,
જી. ભરૂચ.

**વિરૂધ્ધ**

**પ્રતિવાદીઓ–** **૧.** **ફતેસંગ રાયસંગ ના વારસ**
**૧/૧ ભારત ફતેસંગ પરમાર**
ઉ.વ. ૫૦, ધંધો– ખેતી,

**૨.** **મૈચત ભીમસંગ ભગવાન ના વારસ**

**૨/૧. ધનીબેન ભીમસંગ પરમાર ની દીકરી**

**૨/૨. રાજુભાઈ ભીમસંગ પરમાર**

**૨/૩. મીનાબેન ભીમસંગ પરમાર**

**૨/૪. સંતોકબેન ભીમસંગ પરમાર**

**૨/૫. દક્ષાબેન ભીમસંગ પરમાર**

**૩. અમરસંગ ઉદેસંગ પરમાર**

ઉ.વ. ૫૫, ધંધો– ખેતી,

**૪. બુધિયાભાઈ ભગવાનભાઈ પરમાર**

ઉ.વ. ૫૩, ધંધો– ખેતી,

**૫. રમણભાઈ ભગવાનભાઈ પરમાર**

ઉ.વ. ૫૭, ધંધો– ખેતી,

તમામ રહે. મુ. કહાનવા, તા. જંબુસર,

જી. ભરૂચ. ઠે. બંગ્લાવગો

---

**વાદીઓ તર્ફે વિધ્વાન વકીલશ્રી એસ.આઇ. દોલા**

**પ્રતિવાદી તર્ફે વિધ્વાન વકીલશ્રી એન.એચ. પટેલ**

---

**દાવોઃ–રૂા. ૧૦૦૦ /– ના આંક થી જાહેરાત તથા ભાગ મેળવવા માટે...**

---

## // ચૂકાદો //

**(૧)** સદર દાવાના કામે વાદીના દાવા અરજીની હકિકત એવી છે કે, મોજે કહાનવા, તા. જંબુસર, જી. ભરૂચ ની સીમ મધ્યે ખાતા નં. ૪૮૨, બ્લોક ન. ૫૩૨, ક્ષેત્રફળ હે. ૦–૮૪–૯૮ ચો.મી., આકાર રૂ. ૧૦.૯૪ પૈસાની જમીન આવેલ છે.

પેરા–૧ માં જણાવેલ મિલકત તથા અન્ય મિલકતો રામસંગની માલિકીની હતી. તેઓ ગુજરી જતા તેમના વારસોના નામો દાખલ થયેલા. પેરા–૧ માં જણાવેલી મિલકત રાયસંગ રામસંગ ના હીસ્સે કૌટુંબિક

વ્યવસ્થાથી આવેલી અને રાયસંગ રામસંગ ગુજરી જતા તમામ વારસદારો ના નામે ચાલે છે. રાયસંગભાઇએ તેમની હયાતીમાં સદરહું મિલકતની ચાર ભાગમાં વહેંચણ કરેલી તે મુજબ ત્રણ ભાઇઓના હીસ્સે ત્રણ ભાગ અને રાયસંગભાઇનો ૧ હિસ્સો એમ ચાર હિસ્સા કૌટુંબિક વ્યવસ્થાના આધારે પાડેલા, વાદી છત્રસંગ રાયસંગ વારસોના હિસ્સે અડધો એકર જમીન આવેલી છે અને તેની હદ નિશાન થી કાયદેસરની વહેંચણ કરેલ નથી પરંતુ સગવડતા ના ધોરણે અડધો એકર જમીન ખેડે છે અને આ મિલકતમાં વાદીના સસરા તેમજ દાદા રાયસંગ રામસંગ પરમારનો હિસ્સો અલગ કાઢેલો અને તેઓના હિસ્સે પણ અડધો એકર જમીન આવેલ. રાયસંગ રામસંગ પરમાર સને–૨૦૧૪ માં ગુજરી ગયેલા અને તેમની હસ્સે જે અડધો એકર જમીન આપેલી તે જમીન તેમના મરણ પછી ત્રણ ભાઇઓ વહેંચી લેવાની અને તે ત્રણ ભાઇઓ પૈકી એક ભાઇ છત્રસંગ વાદીના પતિ અને પિતા છે એટલે કે રાયસંગ રામસંગના અડધા એકર હિસ્સાની જમીનમાં વાદીઓનો ૧/૩ હિસ્સો આવેલ છે. પેરા–૧ માં જણાવેલી મિલકત સંયુક્ત માલિકીની છે અને પ્રતિવાદીઓ વાદીના સસરા તેમજ દાદા રાયસંગની હિસ્સાની જમીનમાંથી વાદીનો ૧/૩ હિસ્સો આપતા નથી અને કુવામાં પણ ભાગ હોવા છતાં વાદીને પાણીને લગતો હિસાબ બતાવતા નથી કે કોઇ ઉપજ આપતા નથી. દાવાવાળી મિલકત હિન્દુ અવિભક્ત કુંટુંબની મિલકત છે. પ્રતિવાદીઓને વખતો વખત હિસ્સા પાડી લેવાનું કહેતા ઉડાઉ જવાબ આપે છે અને તા. ૦૧/૦૧/૨૦૧૯ ના રોજ પ્રતિવાદીઓ પાસે હિસ્સાની માંગણી કરતા તેઓએ ઇન્કાર કરેલ અને પ્રતિવાદીઓ તેમની બુરી નેમમાં ફાવી જાય તો વાદીઓને ઘણું જ અનિવાર્ય નુકસાન થવા સંભવ છે. જેનો બદલો નાણાંમાં મળી શકે તેમ નથી. જેથી હાલનો દાવો જાહેરાત, ભાગ મેળવવા તેમજ જાથુનો મનાઇહુકમ મેળવવા માટે કરેલ છે.

**વાદીએ સદર દાવા અંગે દાદ માંગેલ છે કે,**

અ) મોજે કહાનવા, તા. જંબુસર, જી. ભરૂચ ની સીમ મધ્યે ખાતા નં. ૪૮૨, બ્લોક ન. ૫૩૨, ક્ષેત્રફળ હે. ૦–૮૪–૯૮ ચો.મી., આકાર

રૂ. ૧૦.૯૪ પૈસાની જમીનમાં વાદી છત્રસંગ પરમારના વારસોના હિસ્સે અડધો એકર જમીન આવેલી છે. તેનો વાદી વાપર ઉપભોગ કરે છે તે ઉપરાંત આ જમીનમાં રાયસંગ રામસંગ પરમારના હિસ્સે અડધો એકર જમીન આવેલ છે. તેઓ ગુજરી જતા તેમના હિસ્સામાંથી ૧/૩ હિસ્સો વાદી ની સંયુકત માલિકી, કબ્જા, ભોગવટાની છે અને કુટુંબની સંયુક્ત માલિકીની છે. તેવું જાહેર કરો.

બ) મોજે કહાનવા, તા. જંબુસર, જી. ભરૂચ ની સીમ મધ્યે ખાતા નં. ૪૮૨, બ્લોક ન. ૫૩૨, ક્ષેત્રફળ હે. ૦–૮૪–૯૮ ચો.મી., આકાર રૂ. ૧૦.૯૪ પૈસા મિલકતમાં રામસંગ રાયસંગના હિસ્સાની જમીનમાંથી કૌટુંબિક વ્યવસ્થા કરી ત્રીજા હિસ્સાની જે જમીનનો ટુકડો વાદીના હિસ્સામાં આવતો હોય તે કબ્જો અપાવશોજી તેમજ સદર મિલકતમાં આવેલ કુવાના પાણીનો હિસાબ કરી વાદીના હિસ્સાની ઉપજ તેમજ રાયસંગના હિસ્સાની જમીનની જે ઉપર થાય તેમાં વાદીના હિસ્સાની ઉપજ પ્રતિવાદીઓની જાત માલ–મિલકતમાંથી વસુલ અપાવશોજી.

ક) મોજે કહાનવા, તા. જંબુસર, જી. ભરૂચ ની સીમ મધ્યે ખાતા નં. ૪૮૨, બ્લોક ન. ૫૩૨, ક્ષેત્રફળ હે. ૦–૮૪–૯૮ ચો.મી., આકાર રૂ. ૧૦.૯૪ પૈસાની જમીનમાં પ્રતિવાદી જાતે, તેના ઘરના માણસો, એજન્ટો કે નોકરો મારફતે રાયસંગના હિસ્સાની મિલકતનો તેમજ સદર મિલકતમાં આવેલ કુવાનો વ્યાજબી વાપર, ઉપભોગ કરે તેમાં પ્રતિવાદીઓ અવરોધ કે અંતરાય કરે–કરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ ફરમાવશોજી.

ડ) સદર દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવશો.

ઈ) નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી દાદ અપાવશો.

**(૨)** સદર કામના પ્રતિવાદીઓને નોટીસ/સમન્સ બજવણી થતાં પ્રતિવાદીઓ તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને વાદીની

દાવા અરજી વિરૂદ્ધ પ્રતિવાદીઓ તર્ફે આંક–૧૩ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં વાદીનો દાવો તદ્દન ખોટો હોય, પ્રતિવાદીઓને તે મંજુર નથી. સદર લેખિત જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની તમામ હકિકતોનો ઈન્કાર કરી વાદીને એબસર્ડ પ્લીડીંગ કરી ખોટી હકિકતો જણાવેલ છે, વાદીના દાવાને પક્ષકારની ખામીનો બાધ નડે છે, દાવાવાળી મિલકતની ચતુર્દિશા જણાવેલ ન હોય, યોગ્ય પ્લીડીંગ ન હોય દાવો ચાલવા જોગ નથી. વિશેષમાં એવી હકિકત જણાવેલ છે કે, દાવાવાળી મિલકતના મુળ પાંચ ભાગીયા હતા. જેમો તમામ ગુજરી ગયેલા છે અને તેમના કુલ ૨૫ વારસો દાવાવાળી મિલકતના માલિક અને કબ્જેદાર બનેલા છે. દાવાવાળી મિલકતમાં ભીમસંગ ભગવાને ટ્યુબવેલ બનાવવાનો હોય તમામ પક્ષકારોની સંમતી લઇ, જેમાં મોટાભાઇ છત્રસંગ પરમારે પણ સંમતિ આપેલી જે બાબતે સંમતિ લેખ તૈયાર કરવામાં આવેલ. ત્યારબાદ કુવા પર મોટર મુકી પાણીનો ઉપયોગ ખેતી માટે કરે છે. આ ખેતરમાં પાંચેય ભાઇઓના વારસો રહેતા હોય તેમજ થોડી થોડી જમીનમાં ખેતી કરતા હોય બધાને મફત પાણી આપતા હતા. આ પાણીનો તેઓએ કોઇ વેપાર કરેલ નથી. છત્રસંગ સને–૨૦૦૫ ની સાલમાં ગુજરી ગયેલા અને પિતા રાયસંગ રામસંગ તા. ૦૭/૦૪/૨૦૧૪ ના રોજ ગુજરી ગયેલા અને માં શાંન્તાબેન સને–૨૦૦૨ ની સાલમાં ગુજરી ગયેલ છે.

વિશેષમાં એવી હકિકત જણાવેલ છે કે, વાદીઓએ જાહેરાત માટે બજાર કિંમત કોર્ટ ફી સ્ટેમ્પ લગાવવો પડે તેમજ ખેતીની જમીનની વહેંચણ માટે પ્રાથમિક હુકમનામા ની દાદ માંગવી જોઇએ જે માંગી ન હોય, વાદીએ દાવા અરજી ની તમામ હકિકત ઉપજાવી કાઢેલ હોય જ્યાં સુધી વાદી સાબિત કરે નહી ત્યાં સુધી પ્રતિવાદીઓને કબુલ મંજુર નથી, વાદીએ પ્રતિવાદીઓને હેરાન કરવા ખોટો દાવો કરેલ હોય ખોટી દાદ મળી શકે નહી જેથી વાદીઓના દાવો ખર્ચ સહીત રદ કરવા, વાદીઓ પાસેથી કોમ્પેનસેટરી કોસ્ટ અપાવવા અરજ ગુજારેલ છે. વાદીઓના દાવાને મુદત્તનો બાધ નડતો હોય તેમજ કોર્ટ ફી એક્ટ પ્રમાણે પુરતો સ્ટેમ્પ ચોંડેલ ના હોય ચાલવા જોગ નથી.

(૩) પ્રતિવાદી નં. ૧/૧ અને ૦૩ નાઓએ વાદીએ આપેલ સુધારેલ દાવા અરજી વિરૂધ્ધ આંક–૨૭ થી લેખિત જવાબ રજુ રાખેલ છે. જેમાં તેઓએ સુધારેલી દાવા અરજી તદ્દન ખોટી હોય તેમજ કબુલ રાખ્યા સિવાયની તમામ હકિકતોનો ઈન્કાર કરેલ છે. તેઓએ જણાવેલ છે કે, વાદીએ રજુ કરેલ આંક–૨૬ ના ગામના નમુના નં. ૮–અ ની નકલમાં પક્ષકારો પૈકી સુરસંગ ભગવાનભાઈ, શાંતાબેન ઉદેસંગ તથા લલીતાબેન ભગવાનભાઈ, માધવસંગ રાયસંગ પરમાર પરંતુ રેકર્ડમાં માધવસિંહ છત્રસિંહ લખેલ છે. તે પણ ગુજરી ગયેલ છે તેમજ ઉપરોક્ત તમામ મિલકતના સહ માલિક અને સહ કબ્જેદાર છે. તેઓને પક્ષકાર બનાવેલ નથી. વધુમાં રાયસંગ રામસંગ ના હિસ્સે કૌટુંબિક વ્યવસ્થામાં પેરા–૦૧ માં જણાવેલ જમીન આવેલ હતી અને તેઓ ગુજરતા તમામ વારસોના નામ ચાલે છે અને રાયસંગભાઈ એ તેમની હયાતીમાં સદર મિલકતની ચાર ભાગમાં વહેંચણી કરેલાની હકિકત વાદીએ સાબિત કરવી જોઈએ અને ખરેખર મિલકત બાપ દાદાની છે અને પાંચ ભાઈઓના ભાગે આવેલ અને પાંચ ભાગ પડેલા અને તમામ ભાગીદારોની સંમતિથી કુવો બનાવેલ છે અને સદર કુવો ભીમસંગ ભગવાનો બનાવેલ છે. મુળ ઝઘડો કુવાના ભાગનો છે પરંતુ દાવામાં આ કુવાનું કોઈ પ્લીડીંગ કરેલ નથી. જેથી સુધારેલી દાવા અરજી ખોટી હોય રદ કરવા અરજ કરેલ છે.

(૪) વાદીઓ તર્ફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે.

**– મૌખિક પુરાવો –**

| અનુ. નં. | આંક | સાહેદ |
|---|---|---|
| ૧ | ૧૬ | અજીત છત્રસંગ પરમાર ની સોગંદ પર સરતપાસ |

**– દસ્તાવેજી પુરાવો –**

| અનુ. નં. | આંક | દસ્તાવેજ ની વિગત |
|---|---|---|
| ૧ | ૨૬ | મોજે કહાનવા, ખાતા નં. ૪૮૨ ની ગામ નમુના નં. ૮–અ ના ઉતારાની ખરી નકલ |

| | | |
|---|---|---|
| ૨ | ૨૭ | મોજે કહાનવા, બ્લોક નં. ૫૩૨ ની ગામ નમુના નં. ૭ અને ૧૨ ની ખરી નકલ |
| ૩ | ૨૮ | રાયસંગભાઈ રામસંગ ના મરણ દાખલાની ખરી નકલ |
| ૪ | ૨૯ | શાંતાબેન રાયસંગ પરમાર ના મરણ દાખલાની ખરી નકલ |
| ૫ | ૩૦ | છત્રસંગ રાયસંગ પરમાર ના મરણ દાખલાની ખરી નકલ |

(૪.૧) પ્રતિવાદીઓ તર્ફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે.

**– મૌખિક પુરાવો –**

| અનુ. નં. | આંક | સાહેદ |
|---|---|---|
| ૧ | ૩૨ | અમરસંગ ઉદેસંગ પરમાર ના સોગંદ પરની સરતપાસ |
| ૨ | ૫૦ | યાકુબભાઈ મોટાજી ચૌહાણ ના સોગંદ પરની સરતપાસ |

**– દસ્તાવેજી પુરાવો –**

| અનુ. નં. | આંક | દસ્તાવેજ ની વિગત |
|---|---|---|
| ૧ | ૩૪ | ભીમસંગ ભગવાન પરમાર નાઓની ઘર નં. ૨૦૯૨, સને. ૦૮–૦૯ ની વેરા ભરેલાની અસલ પહોંચ |
| ૨ | ૩૫ | અમરસંગ ઉદેસંગ નાઓની ઘર નં. ૨૧૦૪, સને. ૧૨–૧૩ ની વેરા ભરેલાની અસલ પહોંચ |
| ૩ | ૩૬ | ગણપતભાઇ મંગળભાઇ રાયસંગ વિગેરે, હસ્તે. ગણપત મંગલભાઇ નાઓની ઘર નં. ૨૧૦૨/૧, સને. ૧૮–૧૯ થી વેરા ભરેલાની અસલ પહોંચ |
| ૪ | ૩૭ | મંજુલાબેન બુધેસંગ ભગવાન નાઓની ઘર નં. ૨૦૯૩, સને. ૧૮–૧૯ થી વેરા ભરેલા ની અસલ પહોંચ |
| ૫ | ૩૮ | ભીમસંગ ભગવાન સંગના નામે આવેલ દક્ષિણ ગુ.વી. કં. લી. નં. અસલ લાઇટ બીલ (એપ્રિલ–૨૦૧૭) |
| ૬ | ૩૯ | ભીમસંગ ભગવાન સંગના નામે આવેલ દક્ષિણ ગુ.વી. કં. લી. નં. અસલ લાઇટ બીલ(મે–૨૦૧૭) |

| | | |
|---|---|---|
| ૭ | ૪૦ | ભીમસંગ ભગવાન સંગના નામે આવેલ દક્ષિણ ગુ.વી. કં. લી. નં. અસલ લાઇટ બીલ (ફેબ્રુઆરી–૨૦૧૮) |
| ૮ | ૪૧ | ભીમસંગ ભગવાન સંગના નામે આવેલ દક્ષિણ ગુ.વી. કં. લી. નં. અસલ લાઇટ બીલ (ઓક્ટોબર–૨૦૧૭) |
| ૯ | ૪૨ | ભીમસંગ ભગવાન સંગના નામે આવેલ દક્ષિણ ગુ.વી. કં. લી. નં. અસલ લાઇટ બીલ (સપ્ટેમ્બર–૨૦૧૮) |
| ૧૦ | ૪૩ | ભીમસંગ ભગવાન સંગના નામે આવેલ દક્ષિણ ગુ.વી. કં. લી. નં. અસલ લાઇટ બીલ (સપ્ટેમ્બર–૨૦૧૭) |
| ૧૧ | ૪૪ | ભીમસંગ ભગવાન સંગના નામે આવેલ દક્ષિણ ગુ.વી. કં. લી. નં. અસલ લાઇટ બીલ (માર્ચ–૨૦૧૭) |
| ૧૨ | ૪૫ | ગામ નમુના નં. ૭ અને ૧૨, બ્લોક નં. ૫૨૩ ના ઉતારાની અસલ નકલ |
| ૧૩ | ૪૬ | ગામ નમુના નં. ૮, ખાતા નં. ૪૮૨ ના ઉતારાની અસલ નકલ |

**(૫)** ત્યારબાદ આ કામે વધુ કોઇ મૌખિક કે લેખિત પુરાવો આપવાનો ના હોય તેવુ જાહેર કરતી વાદી તર્ફે આંક–૩૧ થી અને પ્રતિવાદીઓ તર્ફે આંક–૫૨ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**(૬)** ત્યારબાદ વાદીઓ તર્ફે પ્રતિવાદીઓ વિધ્વાન વકીલશ્રી ની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે.

**(૭)** આ કામે આંક–૧૫ થી તા. ૨૨/૦૭/૨૦૨૨ સદર દાવાના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

**<u>મુદ્દાઓ</u>**

૧. શું વાદી પુરવાર કરે છે કે, મોજે કહાનવા, તા. જંબુસર મધ્યે આવેલ ખાતા નં. ૪૮૨, બ્લોક નં. ૫૩૨ વાળી જમીન રામસંગભાઈની માલિકીની આવેલી છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી મિલકતની કૌટુંબિક વહેંચણી થઇ ગયેલ છે અને વાદીના હિસ્સે અડધો એકર જમીન આવેલી છે ?

૩. શું વાદી પુરવાર કરે છે કે, રાયસંગભાઇ રામસંગ પરમારની આવેલ અડધો એકર જમીનમાં વારસાઇ હક્કે વાદીઓનો ૧/૩ હિસ્સો રહેલ છે ?

૪. શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી મિલકતનો વાપર, ઉપભોગ કરવામાં પ્રતિવાદી જાતે કે તેના માણસો મારફત અટકાયત, અવરોધ કરે છે ?

૫. શું વાદી તેની દાવા અરજીના પેરા–૫ માં જણાવેલ દાદ મેળવવા કાયદેસર હક્કદાર છે ?

૬. શું હુકમ તથા હુકમનામું ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે આ અદાલતના નિર્ણયો નીચે મુજબના છે.

મુદ્દા નં. ૦૧ – નકારમાં

મુદ્દા નં. ૦૨ – નકારમાં

મુદ્દા નં. ૦૩ – નકારમાં

મુદ્દા નં. ૦૪ – નકારમાં

મુદ્દા નં. ૦૫ – નકારમાં

મુદ્દા નં. ૦૬ – આખરી હુકમ મુજબ.

**// નિર્ણયો માટેના કારણો //**

(૯) **મુદ્દા નં. ૦૧ થી ૦૪ ની ચર્ચાઃ–**

મુદ્દા નં. ૦૧ થી ૦૪ એકબીજા સાથે સંલગ્ન હોય સદર મુદ્દા નં. ૦૧ થી ૦૪ ની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

બંને પક્ષાનો નિવેદન, પુરાવા તથા દલીલો ધ્યાને લઇ મુદ્દા નં. ૦૧ થી ૦૪ ની ચર્ચા કરતા અગાઉ દાવાની હકિકત પુરવાર કરવા સંબંધી પુરાવાના સાબિતી ના બોજાના અનુસંધાને ભારતીય પુરાવા અધિનિયમ–

૧૮૭૨ ની કલમ–૧૦૧ ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, તે નીચે મુજબ છે.

101: Burden of proof

Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

આમ, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ ની જોગવાઈ મુજબ કોઈ વ્યકિત એમ ઈચ્છતો હોય કે, તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારિત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઈ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે.

ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતાં વાદીએ દાખલ કરેલ દાવા અરજીમાં જણાવેલ હકીકત અંગે જ્યારે પ્રતિવાદીએ વાંધો વિરોધ વ્યકત કરેલ હોય ત્યારે તેવી બાબતો વાદી દ્વારા હકારાત્મક રીતે પુરવાર થવી જોઈએ, પરંતુ તે નકારાત્મક રીતે ના સાબિત થવી જરૂરી નથી. વાદીએ પોતાનો કેસ પોતાની રીતે પોતાના દસ્તાવેજોના આધારે શ્રેષ્ઠ પુરાવો રજુ કરી પુરવાર કરવો જોઈએ. વાદી તે પ્રતિવાદીની નબળાઈનો લાભ લઈ શકે નહી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ નો પ્રારંભિક નિયમ અપરિવર્તનશીલ છે. જેથી કલમ–૧૦૧ મુજબ પ્રારંભિક બોજો હંમેશા વાદીના શીરે રહે છે અને જો વાદી તેનું પાલન કરે અને પોતાનો દાવો હકારાત્મક રીતે સાબિત કરે ત્યારે પ્રતિવાદીના શીરે એવા સંજોગો પુરવાર કરવાનો બોજો તબદીલ થાય છે કે, વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. આમ, ઉપરની જોગવાઈ ધ્યાને લેતા કોઈ પક્ષકાર પોતાની તરફેણમાં ચુકાદો આવે તેવું ઈચ્છતો હોય ત્યારે તેવી હકીકત અને આક્ષેપ પુરવાર કરવા જરૂરી છે અને જેથી જયારે કોઈ પક્ષકાર પોતાના કબજામાં રહેલ શ્રેષ્ઠ પુરાવો રજુ ન કરે ત્યારે

પુરાવાનો બોજો ભલે બીજા પક્ષકારના શીરે હોય તો પણ આવો શ્રેષ્ઠ પુરાવો રજુ ન કરનાર પક્ષકારની વિરૂધ્ધનું અનુમાન થાય છે.

**(૧૦)** અત્રે નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર વડી અદાલતના દિવાની કેસોમાં પુરાવાની સાબિતી અંગેના કેટલાક ચૂકાદાઓ તથા કાયદાકીય જોગવાઈની ચર્ચા હાલના કેસની હકીકતના સંદર્ભે કેસના ન્યાયીક નિર્ણય માટે કરવી જરૂરી જણાતી હોય ન્યાયીક સરળતા ખાતર તેને અહીં નીચે મુજબ ચર્ચા કરેલ છે.

નામદાર સર્વોચ્ચ અદાલતે **"ધી સ્ટેટ ઓફ રાજસ્થાન એન્ડ અધર્સ વિ. હીમસીંધ " સીવીલ અપીલ નં. ૩૩૪૦/૨૦૨૦ ના ચુકાદામાં પેરા નં. ૨૯** માં નીચે મુજબના સિધ્ધાંતો પ્રતિપાદીત કરેલ છે.

On a 'preponderance of probabilities'

**"...29** In M. Siddiq v. Suresh Das6, a Constitution Bench of this Court has described the standard of 'preponderance of probabilities in the following terms:

**"720.** The court in a civil trial applies a standard of proof governed by a preponderance of probabilities. This standard is also described sometimes as a balance of probability or the preponderance of the evidence. Phipson on Evidence formulates the standard succinctly: If therefore, the evidence is such that the court can say "we think it more probable than not", the burden is discharged, but if the probabilities Evidence.] In are Miller equal, v. it Ministerof is not. Phipsonon Pensions[Millerv. Minister of Pensions, (1947) 2 All ER 372], Lord Denning, J. (as the Master of Rolls then was) defined the doctrine of the balance or preponderance of probabilities in the following

terms: (All ER p. 373 H) "(1)... It need not reach certainty, but it must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is so strong against a man as to leave only a remote possibility in his favour which can be dismissed with the sentence, "of course it is possible, but not in the least probable" the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice." (emphasis supplied)

**721.** The law recognises that within the standard of preponderance of probabilities, there could be different degrees of probability. This was succinctly summarised by Denning, L.J. in Bater v. Bater [Bater v. Bater, 1951 P 35 (CA)], where he formulated the principle thus: (p. 37) "... So also in civil cases, the case must be proved by a preponderance of probability, but there may be degrees of probability within that standard. The degree depends on the subject-matter." (emphasis supplied)...."

નામદાર સર્વોચ્ચ અદાલતે હાલમાં **ડાયરેકટર જનરલ ઓફ પોલીસ રેલ્વે પ્રોટેકશન ફોર્સ એન્ડ અધર્સ વિ. રાજેન્દ્રકુમાર દુબે" કે જે સીવીલ અપીલ નં.૩૮૨૦/૨૦૨૦** ના કામે નીચે મુજબના સિધ્ધાંતો પ્રતિપાદીત કરેલ છે.

12.1"...The standard of proof is hence not the strict standard which governs a trial, of proof beyond reasonable doubt,

preponderance of but a civil probabilities, standard Within governed the by rule a of preponderance, there are varying approaches based on context and subject…"

**(૧૧)** દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા:- વધુમાં આ તબકકે અહીં દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન સંબંધે નામદાર આંધપ્રદેશ વડી અદાલતે **"પી. મધુસુધનરાઓ વિ. એલ ટી. કોલ. રવીમાનન અને બીજાઓ" સીવીલ રીવીઝન પીટીશન નંબર. ૪૫૧૫/૨૦૧૪ ના કામે આપેલ ચુકાદાના પેરા નં ૨૬ અને ૨૭** ની ચર્ચા અહીં કરવી જરૂરી જણાતી હોય ન્યાયીક સરળતા ખાતર તેને અહીં રજુ રાખેલ છે.

**"...26.** It is clear that the Court has to ascertain the intention of the parties based on the language used in the document. Time and again, the Court have laid down certain principles to interpret any document or clauses therein. In interpretany fact there are no statutory document. But based on rules the to settled principles, the Courts are interpreting the documents and any conditions contained therein. Rules of interpretation are mere working rules or guidelines and are not binding on the Courts of law. Yet, they have some sanctity as they have been deduced from judicial decision over the years. It is found listed in Odgers Construction of Statutes, used the listed by the Courts and they have acquired respectability. The Supreme Court in Delhi Development Authority v. Durga Chand hasalso noticed Deeds and Orders Rules and

quoted them with approvaland as the observation of the Supreme Court have theforce of law of the land, it may be taken Odgers Rules(known as golden rules of interpretation) have been judicially and may be adopted as Rules for interpretation documents in India. These Rules are recognized of the listed hereunder:

1. The meaning of the document or of a particular part of it is therefore to be sought for in the document itself.
2. The intention may prevail over the words used
3. words are to be taken in their literal meaning
4. literal meaning depends on the circumstances of the parties
5. When is extrinsic evidence admissible to translate the language ?
6. Technical legal terms will have their legal meaning.
7. Therefore the deed is to be construed as a whole. Apart from the said seven rules listed by Odger, it would be convenient to list the following rules for the sake of convenience are called additional rules and given number in continuation:
8. Same words to be given the same meaning in the same contract.
9. Harmonious construction must be placed on the contract far as possible. However, in case of conflict as between earlier or later clauses in a contract, later clauses are be

preferred to the earlier; while in a will, to earlier clause is to be preferred to the later.

10. Contra Proferendum Rule-If two interpretations are possible, the one favourable to the party who has drafted the contract and the other against him, the interpretation against that party has to be preferred.

11. If two interpretation of a contract are possible the one which helps to make the contract operative to be preferred to the other which tends to make it inoperative

12. In case of conflict between printed clauses and typed clauses, type clauses are to be preferred. Similarly, in conflict between printed and hand written clauses, hand written clauses are to preferred and in event conflict between typed and hand written clauses, the hand written calluses are to be preferred

13. the special will exclude the general

14. Rule of expression unius est exclusion alterius

15. Rule of noscitus a sociss

16. Ejusdem generic rule will apply both the contract and statute

17. place of Punctuation in interpretation of documents

...27. From the Rules stated above, when the language used in a document is unambiguous conveying clear meaning, the Court has to interpret the document or any condition therein taking into consideration of the literal meaning of the words in the document. When there is ambiguity, the

intention of the parties has to be looked into. Ordinarily the parties use apt words to express their intention but often they do not. The cardinal rule again is that, clear and unambiguous words prevail over the intention. But if the words used are not clear or ambiguous, intention will prevail. The most essential thing is to collect the intention of the parties from the expressions they have used in the deed itself. What if, the intention is so collected will not secure with the words used. The answer is the intention prevails. Therefore, if the language used in the document in unambiguous, the words used in the document itself will prevail but not the intention...."

ઉપરોકત ચુકાદામાં નામદાર વડી અદાલતે નામદાર સર્વોચ્ચ અદાલતના "દિલ્હી ડેવલોપમેન્ટ ઓથોરીટી વિ. દુર્ગાચંદ" ના ચુકાદાને ધ્યાનમાં રાખીને દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓની ચર્ચા કરેલ છે, તે મુજબ ઉપર જણાવેલ નિયમોમાંથી જયારે કોઈ દસ્તાવેજમાં વપરાયેલી ભાષા સ્પષ્ટ અર્થ દર્શાવતી હોય, ત્યારે કોર્ટે દસ્તાવેજમાં શબ્દોના શાબ્દિક અર્થને ધ્યાનમાં રાખીને દસ્તાવેજ અથવા તેમાં કોઈ સ્થિતિનું અર્થઘટન કરવુ પડે છે. જયારે અસ્પષ્ટતા હોય છે, ત્યારે પક્ષકારોનો હેતુ ધ્યાનમાં લેવાનું રહે છે. સામાન્ય રીતે પક્ષકારો પોતાનો ઉદ્રેશ વ્યકત કરવા માટે યોગ્ય શબ્દોનો ઉપયોગ કરે છે પરંતુ ઘણીવાર તેઓ તેમ કરતા નથી તે વખતે ફરીથી કાયદાનો મુખ્ય નિયમ ધ્યાને લેવાનું રહે છે. પક્ષકારોના હેતુ પર સ્પષ્ટ અને સંદીગ્ધ શબ્દો ઉપરવટ રહે છે. સૌથી આવશ્યક બાબત એ છે કે, દસ્તાવેજમાં જાહેર કરેલ અભિવ્યકિતઓ પરથી પક્ષકારોનો હેતુ જાણવાનો રહે છે. તેથી જો દસ્તાવેજ માં વાપરેલ ભાષા સ્પષ્ટ અને અસંધિગ્ધ હોય ત્યારે પક્ષકારોના હેતુ પર દસ્તાવેજમાં વપરાયેલ શબ્દો ઉપરવટ રહે છે. વધુમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ મુજબ તે

બધા દસ્તાવેજો કે જે નિરીક્ષણ માટે કોર્ટ સમક્ષ રજુ થાય તેવા દસ્તાવેજોને દસ્તાવેજી પુરાવા કહેવાય. વધુમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૧ મુજબ દસ્તાવેજ માંની વિગતો પ્રાથમિક અથવા ગૌણ પુરાવા દ્વારા સાબિત થવી આવશ્યક છે. તેથી કોઈ પણ દસ્તાવેજના નિર્ણય માટે તે દસ્તાવેજ પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ તે પુરવાર થયેલ હોવુ જોઈએ. દસ્તાવેજી પુરાવાના કિસ્સામાં સુસંગતતા, સ્વીકૃતિ અને સાબિત થયેલ એટલે કે દસ્તાવેજો નું અમલ, દસ્તાવેજ માં દર્શાવેલ વિગતોની સાબિતી બન્ને એક સાથે ધ્યાને લેતાં સાબિતી અંગેનો નિર્ણય થઈ શકે.

**(૧૨)** આમ, ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર વડી અદાલતના ચૂકાદાઓ ધ્યાને લેતાં, દિવાની કાયદાનો એ સુસ્થાપિત સિધ્ધાંત છે કે દિવાની દાવામાં પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબબીલીટીના સિધ્ધાંત પર આધાર રાખવાનો છે. આ ધોરણને કેટલીકવાર સંભાવનાના સંતુલન અથવા પુરાવાની પ્રગતિ તરીકે પણ વર્ણવવામાં આવે છે. જો પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે કોર્ટ ને એમ લાગે કે અમુક હકિકત તેના કરતા વધુ સંભવિત છે કે નથી. વધુમાં દિવાની દાવામાં પક્ષ નિવેદન એ ખુબજ મહત્વનો ભાગ ભજવે છે અને તે એક મકાનના નિર્માણમાં પાયાનું જેટલું મહત્વ હોય છે તેટલું જ મહત્વ ધરાવે છે. જો એક વ્યકિત પાયા વ્યવસ્થિત રીતે બનાવે તો તે પાયા પર તે બહુમાળી મકાન બનાવી શકે છે અને જો પાયા યોગ્ય રીતે બનાવવામાં ન આવેલ હોય તો મકાન ગમે તે તબકકે પડી જવાની શક્યતા રહેલી છે. પક્ષ નિવેદન કરતી વખતે પક્ષકારે તમામ પ્રકારની જરૂરી સાવચેતી રાખવાની રહે છે. પક્ષકારે પાતે કરેલ પક્ષ નિવેદનની બહાર જવાની પરવાનગી આપી શકાય નહી અને પોતે પક્ષ નિવેદનમાં કરેલ સ્વીકૃતીને પરત ખેંચવાની પણ પરવાનગી આપી શકાય નહી. જયાં સુધી પક્ષકાર સદર દાદ મેળવવા માંગતા નથી તેવુ ન જણાવે ત્યાં સુધી પક્ષ નિવેદન ચાલુ જ માનવામાં આવે. વાદીનો કેસ પુરવાર કરવાનો પુરાવાનો બોજો હંમેશા વાદી પર રહેલ છે કારણ કે, વાદી ત્યારે જ માંગેલ દાદ

મેળવવા હકકદાર રહે છે જયારે તે સફળ થાય. વધુમાં વાદી પર પુરાવાનો બોજો રાખવાનુ બીજુ કારણ એ છે કે હંમેશા જે વ્યકતિ અમુક હકીકતોના અસ્તિત્વ હોવાનું જણાવતી હોય તે વ્યકતિએ આવી હકીકતનું અસ્તિત્વ હોવાનું પુરવાર કરવાનું રહે છે.

વાદીના દાવાની દાદ જોઇએ તો, (અ) મોજે કહાનવા, તા. જંબુસર, જી. ભરૂચ ની સીમ મધ્યે ખાતા નં. ૪૮૨, બ્લોક ન. ૫૩૨, ક્ષેત્રફળ હે. ૦-૮૪-૯૮ ચો.મી., આકાર રૂ. ૧૦.૯૪ પૈસાની જમીનમાં વાદી છત્રસંગ પરમારના વારસોના હિસ્સે અડધો એકર જમીન આવેલી છે. તેનો વાદી વાપર ઉપભોગ કરે છે તે ઉપરાંત આ જમીનમાં રાયસંગ રામસંગ પરમારના હિસ્સે અડધો એકર જમીન આવેલ છે. તેઓ ગુજરી જતા તેમના હિસ્સામાંથી ૧/૩ હિસ્સો વાદી ની સંયુકત માલિકી, કબ્જા, ભોગવટાની છે અને કુટુંબની સંયુક્ત માલિકીની છે તેવું જાહેર કરવા, (બ) મોજે કહાનવા, તા. જંબુસર, જી. ભરૂચ ની સીમ મધ્યે ખાતા નં. ૪૮૨, બ્લોક ન. ૫૩૨, ક્ષેત્રફળ હે. ૦-૮૪-૯૮ ચો.મી., આકાર રૂ. ૧૦.૯૪ પૈસા વાળી મિલકતમાં રામસંગ રાયસંગના હિસ્સાની જમીનમાંથી કૌટુંબિક વ્યવસ્થા કરી ત્રીજા હિસ્સાની જે જમીનનો ટુકડો વાદીના હિસ્સામાં આવતો હોય તે કબ્જો અપાવશોજી તેમજ સદર મિલકતમાં આવેલ કુવાના પાણીનો હિસાબ કરી વાદીના હિસ્સાની ઉપજ તેમજ રાયસંગના હિસ્સાની જમીનની જે ઉપર થાય તેમાં વાદીના હિસ્સાની ઉપજ પ્રતિવાદીઓની જાત માલ-મિલકતમાંથી વસુલ અપાવવા, (ક) મોજે કહાનવા, તા. જંબુસર, જી. ભરૂચ ની સીમ મધ્યે ખાતા નં. ૪૮૨, બ્લોક નં. ૫૩૨, ક્ષેત્રફળ હે. ૦-૮૪-૯૮ ચો.મી., આકાર રૂ. ૧૦.૯૪ પૈસાની જમીનમાં પ્રતિવાદી જાતે, તેના ઘરના માણસો, એજન્ટો કે નોકરો મારફતે રાયસંગના હિસ્સાની મિલકતનો તેમજ સદર મિલકતમાં આવેલ કુવાનો વ્યાજબી વાપર, ઉપભોગ કરે તેમાં પ્રતિવાદીઓ અવરોધ કે અંતરાય કરે-કરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ ફરમાવવા, (ડ) સદર દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા, (ઇ) નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી દાદ અપાવવા અરજ કરેલ છે.

(૧૩) વાદી તર્ફે રજુ થયેલો મૌખિક પુરાવો જોઇએ જેમાં આંક–૧૬ થી વાદી નં. ૨ અજીતભાઇ છત્રસંગ પરમાર નાઓ લેખિત સ્વરૂપનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓ દાવાની અરજીને અનુરૂપ જુબાની રજુ કરેલ છે. વાદીની ઉલટ તપાસ પ્રતિવાદી દ્ધારા કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવે છે કે, "એ વાત ખરી છે કે, આંક–૧૬ વાળુ સોગંધનામુ વકીશ્રીએ તૈયાર કરેલું તેમાં મેં સહી કરેલી, સાહેદ જણાવે છે કે, મારા કહ્યા મુજબ વકીલે તૈયાર કરેલુ, મે સોગંધનામા ઉપર વાંચી સહી કરેલી.

ત્યારબાદ તેઓને સવાલ પુછવામાં આવેલ કે, તમે તમારા સરતપાસના સોગંધનામા મા આ મિલકતમાં અમારા સસરા તેમજ દાદા રાયસંગ રામસંગ પરમારનો હિસ્સો અલગ કાઢેલો તે તમે લખાવેલી ? તો તેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે, "હા". તેઓ જણાવે છે કે, મને દાવાવાળી મીલક્તનો નંબર મને ખબર છે. એ વાત ખરી છે કે, દાવા અરજી તથા સરતપાસના સોગધનામામાં દાવાવાળી મિલકતની ચતુર્દિશા લખેલી નથી. એ વાત ખરી છે કે, દાવાવાળી મિલક્ત વડીલો ઉપાર્જીત હોય તેવો પુરાવો મે રજુ કરેલ નથી. રાયસંગભાઈ ને ત્રણ દિકરા છે. એક ફતેસંગ, માધવસંગ અને છત્રસંગ. અમો છત્રસંગના વારસદાર છે. ચંચળબેન મારા માતા થાય છે. એ વાત ખરી છે કે, ફતેસંગભાઇ રાયસંગ ભાઇ ગુજરી ગયેલ છે, તેને બે દિકરા છે ભારત અને અર્જુન. એ વાત ખરી છે કે, ફતેસંગ ની વિધવા સવીતાબેન છે ફતેસંગની ત્રણેય દિકરીઓ ગુજરી ગયેલ છે. તેના નામ સજ્જન બેન દશરથબેન અને નીરુબેન છે. એ વાત ખરી છે કે, માધવસંગ પણ ગુજરી ગયેલ છે. જેમના વારસમાં રણજીત ભાઇ, લક્ષ્મીબેન અને તેજલ બેન છે. એ વાત ખરી છે કે, ભીમસંગભાઇ ભગવાનભાઇ ગુજરી ગયેલ છે જેમના વારસો મા ધનીબેન, પાર્વતીબેન અને દક્ષાબેન, રાજુભાઇ, મીનાબેન છે. એ વાત ખરી છે કે, આ બધાને મેં દાવામાં પક્ષકાર તરીકે જોડેલા નથી. દાવાવાળી જમીન કહાન્વા મુકામે બંગલા વગામાં આવેલી છે. એ વાત ખરી છે કે, આ દાવાવાળી મિલકતમાં રામસંગ ભવાનભાઇ ના વારસોએ જુદી જુદી જગ્યાએ ઘર બનાવેલ છે. જેમાં લાઇટ અને પાણીની સુવિધા પણ છે. એ વાત ખરી છે

કે, દાવાવાળી મિલકત અંગે કોઇ વહેંચણ લેખ થયેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, મૌખિક વહેંચણ કઇ તારીખ, કયા મહીના, કઇ સાલમાં કોની રૂબરૂ થયેલ તે દાવા અરજી કે સરતપાસમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, દાવાવાળી મિલકતની લંબાઇ, પહોળાઇ પણ દાવા અરજી કે સરતપાસમાં જણાવેલ નથી. તેઓને એવો સવાલ પુછવામાં આવેલ કે, દાવાવાળી મિલકતમાં તમારો ૧/૩ હિસ્સો લાગે તે કેના પરથી કહો છો ? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, અડધા એકર જમીનમાં મારો ત્રીજો ભાગ લાગે. એ વાત ખરી છે કે, કુલ જમીન બે એકરથી વધુ છે. એ વાત ખરી છે કે, કુલ જમીન ૮૪ ગુંઠા છે. જેમાં મારો પાંચમો ભાગ છે, તેમાથી ત્રીજો ભાગ મારો છે. એ વાત ખરી છે કે, દાવામાં મેં પ્રાથમિક હુકમનામાની દાદ માંગી નથી. મારા ઘરનો આકારણી નં. ૨૦૯૮ છે. હવે હું કહું મારા બે ઘર છે. એક એક કાચું અને એક પાકું, તેના આકરણી નંબર ચોક્કસ ખબર નથી. તે બંને ઘરના દરવાજા ખેતરમાં ખુલે છે. ઘર આગળ ખુલ્લી જગ્યા આવેલી છે અમે બે ભાઇઓ જોડે રહીયે છીએ. એ વાત ખરી છે કે, આ ખેતરમાં બોરીંગ કરેલ છે અને ટ્યુબવેલ આવેલ છે. એ વાત ખરી છે કે, ભીમસંગભાઇએ જ્યારે કુવો બનાવ્યો ત્યારે બધાને બોલાવી બધાની પરવાગી લીધેલી. એ વાત ખરી છે કે, કુવા ઉપર લાઇટનું એજી કનેક્શન ભીમસંગભાઈના નામનું આવેલું છે. એ વાત ખરી છે કે, એજી કનેક્શન માટે જી.ઈ.બી. એ આ મિલકતના તમામ સહ માલિકોની સંમતી લીધેલી. ભીમસંગભાઈ ગુજરી જતાં આ કુવાનો ઉપયોગ અમરસંગ ઉદેસંગ નાઓ કરે છે અને લાઇટબીલ પણ તે ભરે છે. એ વાત ખરી છે કે, હાલનો દાવો મેં જમીન અને કુવાઓ માટે કરેલ છે." વધુમાં વાદીએ અન્ય હકિકતોનો ઈન્કાર કરેલ છે.

**(૧૪)** સદર દાવામાં પ્રતિવાદી નં. ૦૩ અમરસંગ ઉદેસંગ પરમાર નાઓએ આંક–૩૨ થી લેખિત સ્વરૂપનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓ દાવાની અરજી ના કામે પોતાના લેખિત જવાબ ને અનુરૂપ જુબાની રજુ કરેલ છે. પ્રતિવાદી ની ઉલટ તપાસ વાદી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં

તેઓએ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, રાયસંગભાઇના પિતાનું નામ રામસંગભાઇ છે. આ મિલકત રામસંગભાઇએ વસાવેલી. એ વાત ખરી છે કે, વાદી તથા પ્રતિવાદીઓ રાયસંગભાઇના વારસદારો છે. એ વાત ખરી છે કે, રાયસંગભાઇ મરણ જતાં અમો વાદી તથા પ્રતિવાદીઓના નામો દાખલ થયેલા. એ વાત ખરી છે કે, રાયસંગભાઇએ પણ પોતાનો હિસ્સો રાખેલો. એ વાત ખરી છે કે, અમારી વચ્ચે આ મિલકતની વહેંચણ અંગે કોઇ લખાણ થયેલુ નહી મૌખિક વાતો ચાલેલી. એ વાત ખરી નથી કે મૌખિક વહેંચણ મુજબ વાદીઓ અડધો એકર જમીન ખેડતા હતાં. સાહેદ જણાવે છે કે, પાંચ ભાઇઓ વચ્ચે ૧૦–૧૦ ગૂઠા વહેંચણ થતા વાદી ૧૦ ગૂઠા જમીન ખેડતા હતાં. એ વાત ખરી છે કે, રાયસંગભાઈ ૨૦૧૪ ની સાલમાં ગુજરી ગયેલા. એ વાત ખરી છે કે, આ જમીનમાં એક કુવો આવેલો છે. એ વાત ખરી છે કે, તે ઉપજ મારી પાસે છે. એ વાત ખરી છે કે, તેમાં ત્રણ હિસ્સા પડેલા તેમાં છત્રસંગનો એક હિસ્સો આવેલો. એ વાત ખરી છે કે, સદર હું મિલકત અંગે અમારી વચ્ચે કોઇ લાંભૂ તૈયાર કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, રેવન્યુ રેકર્ડમાં અમો બધાનું નામ સંયુકત રીતે ચાલે છે. એ વાત ખરી છે કે, વાદી તથા પ્રતિવાદી બધા ભાઈઓએ ઘરો બાધેલા છે અને પંચાયતમાં વેરો પણ ભરીએ છીએ. સદરહું મિલકતમાં વાદીઓએ ૧૫ x ૧૫ નું ઘર બાંધેલુ છે અને બાકીની ખુલ્લી જગ્યા રાખેલી છે." વધુમાં પ્રતિવાદી અન્ય હકિકતો તેઓ જાણતા ન હોવાનું જણાવેલ છે અને અન્ય હકિકતોનો ઈન્કાર કરેલ છે.

**(૧૫)** પ્રતિવાદી તર્ફે સાહેદ યાકુબભાઇ મોટાજી ચૌહાણ નાઓએ આંક–૫૦ થી લેખિત સ્વરૂપનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓએ પ્રતિવાદીના લેખિત જવાબને અનુરૂપ સમર્થનકારી જુબાની રજુ કરેલ છે. પ્રતિવાદીના સાહેદ ની ઉલટ તપાસ વાદી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, "મેં રાયસંગના પિતા રામસંગને જોયેલા નહી. આ મિલકતના મુળ માલિક ઉદેસંગ રામસંગ હતા. આ મિલકતની તેઓ વચ્ચે વહેંચણ થઈ ભાગલા પડેલ હોય તે મારી રૂબરૂ થયેલ નથી. મારે પક્ષકારના

દાદા રાયસંગ રામસંગને જોવામાં આવેલા નહી. હું વાદીઓને ઓળખું છું. એ વાત ખરી છે કે, તકરારી જમીનમાં કુવો આવેલો છે. એ વાત ખરી નથી કે કુવાનો ઉપયોગ પ્રતિવાદીઓ કરતા હતા પણ હું કહું છુ કે ભીમસંગ ભગવાન કરતા હતા. આ મિલકતની કુવાની આવક ભીમસંગભાઈ ભગવાન ભાઈ લેતાં હતા. તેઓ ગુજરી જતાં તેની આવક અમરસંગ ઉદેસંગ લે છે. અમરસંગ પોતાના ખેતરોમાં પાણી લેતાં હતા, વેચતા ન હતા. એ વાત ખરી છે કે, મિલકત છત્રસંગ ની હતી અને તેમાં ભાગલા પાડવામાં આવેલા છે. એ વાત ખરી છે કે, રાયસંગના હિસ્સાની જમીનના ત્રણ ભાગ પાડવામાં આવેલા. તકરારી મિલકતની પુર્વ બાજુના ભાગમાં કુવો આવેલો છે. એ કુવો તકરારી મિલકતની પુર્વ બાજુની અડધા ભાગમાં આવેલ છે. એ વાત ખરી છે કે, આ મિલકતમાં બધાનો સરખો હિસ્સો છે. એ વાત ખરી છે કે, પક્ષકારો વચ્ચે કુવાના પાણીની આવકની તકરાર ઉભી થયેલી. એ વાત ખરી છે કે, કુવાનું પાણી ગુજરાત વિદ્યુત બોર્ડના કનેકશન થી ચાલતું આવે છે. કુવાનું કનેકશન જી.ઈ.બી. માં ભીમસંગ ભગવાનના નામનું ચાલે છે અને આ કનેકશન ૨૦ થી ૨૨ વર્ષ પહેલા લેવામાં આવેલુ. એ વાત ખરી છે કે, જી.ઈ.બી. નું કનેકશન લેવા માટે સંયુક્ત અરજી આપેલી. મારે તકરારી મિલકતની આજુબાજુ કોઈ ખેતર આવેલુ નથી પરંતુ હું તેમના મકાનનો પાડોશી છું એટલે જુબાની આપવા આવ્યો છે. વધુમાં સાહેદે અન્ય હકિકતોનો ઈન્કાર કરેલ છે.

**(૧૬)** સદર કામમાં રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ જોઇએ તો, જેમાં વાદી દ્વારા મોજે કહાન્વા, તા. જંબુસર મધ્યે આવેલ ખાતા નં. ૪૮૨, બ્લોક નં. ૫૩૨ વાળી જમીન અંગેની ગામના નમુના નં. ૦૮ ની નકલ આંક-૨૬ તથા આંક-૨૭ થી ગામ નમુના નં. ૭ અને ૧૨ રજુ કરેલ છે. જે જોતાં સદર મિલકતમાં કબ્જેદાર ના નામની કોલમમાં કુલ – ૨૫ વ્યક્તિઓના નામ ચાલી આવેલ છે. સદર કામમાં રજુ થયેલા મૌખિક પુરાવા જોઇએ તો જેમાં વાદી નં. ૦૨ નાઓની ઉલટતપાસની જોઇએ તો તેમાં તેઓ સ્વીકાર કરે છે કે, દાવાવાળી મિલકત વડીલો પાર્જીત હોય તેવો કોઇ પુરાવો

રજુ કરેલ નથી અને આ કામે દાવામાં પક્ષકાર તરીકે બધાને જોડેલ નથી અને દાવાવાળી મિલકતનો કોઇ વહેંચણ લેખ થયેલ નથી. તેઓએ સ્વીકાર કરે છે કે, દાવામાં પ્રાથમિક હુકમનામાની દાદ માંગેલ નથી. વાદી દ્વારા એવો કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે જેના પરથી એવું પુરવાર થઇ શકે કે દાવાવાળી મિલકતની કૌટુબિંક વહેંચણી થયેલ છે. સદર કામમાં વાદીઓ તર્ફે વારસદારો અંગેનું પેઢીનામું રજુ કરેલ નથી. જ્યારે વાદીઓ દ્વારા દાવાવાળી મિલકત વહેંચણ મૌખિક રીતે થયેલ હોવાનું જણાવે છે પરંતુ કઇ મિલકત કોના ભાગે આવેલ છે અને તેની ચતુર્દિશા કઇ છે તેવું ચોક્કસ રીતે પુરવાર થઇ શકતુ નથી. વાદીઓ દાવાવાળી મિલકતનું કૌટુબિંક રીતે વહેંચણ થયેલ હોવાનું પુરવાર કરી શકેલ નથી. વાદી દ્વારા જે માલિકી અંગેની દાદ માંગવામાં આવેલ છે તે મિલકત વણવહેંચાયેલી છે અને તે મિલકતમાં તેઓની ૧/૩ હિસ્સા ની માંગણી કરેલ છે. વાદી દ્વારા દાવા અરજીમાં જે કથન કરવામાં આવેલ છે તેમજ રજુ કરવામાં આવેલા પુરાવા પરથી એવું સ્પષ્ટ રીતે પુરવાર થઇ શકતુ નથી કે દાવાવાળી મિલકતમાં કઇ મિલકતના માલિક અને કબ્જેદાર કોણ છે એટલે કે મિલકતમાં તેઓનો હિસ્સો કેટલો અને કઇ બાજુનો છે તે સ્પષ્ટ થતુ નથી. વાદીઓ દાવાવાળી મિલકત રામસંગભાઇની માલિકીની હોય તેવું પુરવાર કરી શકેલ નથી. વાદીઓ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા પરથી એવું પુરવાર કરી શકેલ નથી કે દાવાવાળી મિલકતની કૌટુબિંક વહેંચણી થઇ ગયેલ અને વાદીના હિસ્સે અડધો એકર જમીન આવેલી છે. જ્યારે અડધો એકર રાયસંગ રામસંગ પરમારને હિસ્સે આવેલ હોય અને કઇ દિશામાં અને કઇ બાજુ આવેલ હોય તે પુરવાર થઇ શકતુ ન હોય વાદીઓ વારસાઇ હક્કે પોતાનો ૧/૩ હિસ્સો આવેલ હોય તેવું પુરવાર કરી શકેલ નથી. વધુમાં વાદીઓ દ્વારા સદર દાવા અરજીમાં દાવાવાળી મિલકતના ગામ નમુના નં. ૭ અને ૧૨ માં જણાવેલ તમામ મિલકતના કબ્જેદારોને એટલે કે દાવાવાળી મિલકતમાં જે વ્યકિતઓને હક્ક, હિસ્સો રહેલ છે તે તમામને સદર દાવામાં પક્ષકાર તરીકે જોડવામાં આવેલ નથી. આમ, વાદીઓ દ્વારા દાવામાં જરૂરી પક્ષકારને દાવા અરજીમાં પક્ષકાર

તરીકે જોડેલ નથી. જેથી વાદીના દાવાને જરૂરી પક્ષકાર ની ખામીનો બાધ નડે છે. વાદી દ્વારા જ્યારે દાવાવાળી મિલકતની માલિકી અને કબ્જો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તેમજ પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતમાં તેઓને ઉપયોગ કરવામાં અટકાવ કે અવરોધ કરતા હોય તેવું પુરવાર કરી શકેલ નથી. જેથી **મુદ્દા નં. ૦૧ થી ૦૪** નો જવાબ **નકારમાં** ઠરાવું છું.

**<u>મુદ્દા નં. ૦૫ અને ૦૬ ની ચર્ચાઃ–</u>**

**(૧૭)** આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ વાદીઓ એવુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે કે, દાવાવાળી મિલકત વડીલોપાર્જીત મિલકત છે તેમજ દાવાવાળી મિલકત કૌટુબિંક વહેંચણી થયેલ હોય અને રાયસંગ રામસંગભાઇ પરમારના હિસ્સે અડધો એકર જમીન વારસાઈ હક્કે આવેલ. જેથી મુદ્દા નં. ૦૧ થી ૦૪ વાદીઓ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય. જેથી વાદીઓ માંગ્યા મુજબની દાદો મેળવવા હક્કદાર ઠરતા નથી. જેથી **મુદ્દા નં. ૦૫** નો જવાબ **નકારમાં** ઠરાવી **મુદ્દા નં. ૦૬** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## // આખરી હુકમ //

**૧.** વાદીઓનો દાવો નામંજુર કરવામાં આવે છે.

**૨.** પક્ષકારોએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

**૩.** હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ ૩૦ મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૬/૨૦૨૬
જંબુસર.

(નિલેશકુમાર આર. સોલંકી)
એડી. સીવીલ જજ,
જંબુસર.
કોડ–જી.જે. ૦૧૪૩૨